1. 'મહાપાષાણ સંસ્કૃતિ' એટલે શું? તેની સ્પષ્ટતા કરો.

➢ પ્રાચીન ભારતના ઈતિહાસમાં દક્ષિણ ભારતનું વિશિષ્ટ મહત્ત્વ રહ્યું છે. દક્ષિણ ભારતની એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિને 'મહાપાષાણ સંસ્કૃતિ' તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિનો સમયગાળો ઈ. સ. પૂર્વે 1200થી ઈ. સ. પુર્વે 300નો હતો. દક્ષિણ ભારતની આ 'મહાપાષાણ સંસ્કૃતિ' એ યુરોપની મહાપાષાણ સંસ્કૃતિ સાથે સામ્યતા ધરાવે છે. મહાપાષાણ સંરકૃતિનો વ્યાપ દક્ષિણ ભારતમાં નાગપુર(મહારાષ્ટ્ર)થી તમિલનાડુ અને કેરલના ભાગ સુધી હતો. આ સંસ્કૃતિના અગત્યનાં સ્થળોમાં બ્રહ્મગિરિ, માસ્કી, નાદિચલ્લીનર, નાગપુર વગેરે શહેરોનો સમાવેશ થાય છે. આ સંસ્કૃતિમાં મૃતાત્માનું દફન કરવાની વિશિષ્ટ રીત હતી.

➢ મૃત્યુ પામનાર વ્યક્તિને દફન કરવામાં આવતો, આ સ્થળની ઉપર. ગુંબજવાળું સ્થાપત્ય કરવામાં આવતું. તેની આજુબાજુ વિશાળ શિલાઓ રાખવામાં આવતી. દફનનાં સ્થળો (કબરો) રહેણાંકનાં સ્થળોએથી દૂર રાખવામાં આવતી. આ સંસ્કૃતિ દરમિયાનના કાળા અને લાલ માટીનાં વાસણો પણ મળી આવ્યા છે. મહાપાષાણ સંસ્કૃતિના અવશેષોમાંથી લોખંડના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. મહાપાષાણ સંરકૃતિની કરામાંથી તીર, કટાર, તલવાર, ત્રિશુળ , કોદાળી, કુહાડી વગેરે જેવાં લોખંડના હથિયારો મળી આવ્યા છે. આ સંસ્કૃતિના ઉખનન દરમિયાન ઘઉં અને ચોખાના એવા મળ્યા છે. આ સંસ્કૃતિના લોકોનો વ્યવસાયે કૃષિ અને શિકારની પ્રવૃત્તિ હતો.

2. ભારતનો રોમ સાથેનો વેપારવાણિજય સમજાવો.

➢ મોર્ય સામ્રાજ્યનો પતન પછી કુષાણોના સમયમાં વેપાર અને વાણિજયના ક્ષેત્રે સારી પ્રગતિ થઈ. એક ગ્રીક દરિયાઈ સાહસિક હિપ્પાલસે મોસમની શોધ કરી હતી. આથી વ્યાપક પ્રમાણમાં દરિયાઈ મુસાફરી થઈ. આ સમયે મૃગુકચ્ચ (ભરૂચ), સોપારા, કલ્યાણ અને મુજરીસ મહત્ત્વનાં બંદરો હતાં. હિપ્પાલસે આ બંદરોની મુલાકાત લીધી હતી. આ બંદરોએથી રોમ સુધી વેપાર થતો હતો. બંગાળના તામ્રલિપ્તિ અને તમિલનાડુના અરિકામડુ બંદરોએથી દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથે વેપાર થતો હતો. રોમન સામ્રાજ્યનો વિકાસ થતાં રોમ અને ભારત વચ્ચે જમીનમાર્ગે અને દરિયાઈમાર્ગે મોટા પ્રમાણમાં વેપાર થતો હતો. એક અજ્ઞાત લેખકે પોતાના પુસ્તક 'પેરીપ્લસ ઓફ ધ એરિટ્રિયન સી'માં ભારત અને રોમ વચ્ચેના વેપારનું મહત્ત્વપૂર્ણ વર્ણન કર્યું

➢ ભારતમાંથી મરી  મસાલા, હાથીદાંતની વસ્તુઓ, રત્નો, મલમલ, કાપડ, હીરા, માણેક, નિલમ, પન્ના, મોતી, ચંદન વગેરેની રોમમાં નિકાસ થતી હતી, રોમનવાસીઓ મરીને 'યવનપ્રિયા', કહેતા. રોમમાંથી સોનું અને ચાંદીની આયાત થતી. દક્ષિણ ભારતમાંથી મોટા પ્રમાણમાં સોનાના રોમન સિકકાઓ મળી આવ્યા છે. રોમન ઈતિહાસકારો લખે છે કે, રોમમાંથી સોનું ભારતમાં ઢસડાઈ જાય છે.

➢ રૌમમાંથી ઉત્તમ પ્રકારનો દ્રાક્ષનો દારૂ આયાત થતો હતો. અરિકામડુ માંથી રોમન દારૂનાં વાસણો અને રોમનલિપિના લખાણાંવાળી ચીજવસ્તુઓ મળી આવી છે. રોમમાંથી ટિન, કાચ અને પરવાળાની ભારતમાં આયાત થતી હતી. ઉત્તમ કોટિના વેપારના વિકાસને કારણે

➢ ભારતમાં ઘણાં હસ્તઉદ્યોગ વિકાસ પામ્યા હતા, 'મિલિન્દપાનો' માં આવાં 750 હસ્તઉદ્યોગોની માહિતી છે, જેમાંથી 60 શિલ્પઉધોગ હતાં. ઉજ્જનમાં માળા બનાવવામાં આવતી હતી, મથુરા અને બંગાળના સુતરાઉ અને રેશમી કાપડનો ઉદ્યોગ વિકસ્યો હતો. દક્ષિણ ભારતમાં વસ્ત્રોને રંગવાનો ઉદ્યોગ ખુબ વિકસ્યો હતો. આમ, કારીગર આર્થિક દષ્ટિએ સુખી હતા.

- વેપારીઓના સમુદાયને શ્રેણીકહેતા હતા અને તેનો વડો શ્રેષ્ઠી કહેવાતો હતો.વણઝાર દ્વારા આંતરરાષ્ટ્રીય વૈપાર થતો વણઝાર દ્વારા થતા વેપારને 'સાર્થ' કહેતા, તેમના સંગઠનનો વડો 'સાર્થવાહક' કે સાર્થક કહેવાતો. હસ્તકલાકારોના સમુદાયને 'સંઘ' કહેવામાં આવતા અને તેના વડાને 'જયેષ્ઠ' તરીકે ઓળખવામાં આવતો હતો. અનાજના વેપારી, વસિનો વેપારી, તેલના વેપારી, કુંભાર વગેરે ના સંગઠનો હતા, તેઓ પોતાના પ્રમુખની ચૂંટણી કરતા અને વસ્તુની ગુણવત્તા નક્કી કરતા હતા.. વેપારીઓ ની 'શ્રેણીઓ' બેંકોની જેમ કાર્ય કરતી હતી. તે વ્યાજ વટાવ અને ધીરધારનો વ્યવસાય કરતી હતી.

3. મથુરા કલારૌલી વિશે જણાવો.

- કનિષ્કના સમયમાં બોદ્ધ ધર્મનો ખૂબ મોટા પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર થયો. ઈસ.ની પહેલી સદીમાં બૌદ્ધ ધર્મના હીનયાન અને 'મહાયાન' એમ બે ભાગ પડયાં. મહાયાન સંપ્રદાયે બુદ્ધને ઈશ્વરનું સ્વરૂપ માપી તેમની મૂર્તિપુજા અને અર્ચના શરૂ કરી. આથી બુદ્ધની મૂર્તિઓનું મોટા પ્રમાણ માં સર્જન થવા લાગ્યું. બુદ્ધની મૂર્તિઓના સર્જનમાંથી મૂર્તિકલાની વિવિધ શૈલીઓનો જન્મ થયો.
- ભારતીય મૂર્તિકલાની ત્રણ મુખ્ય શૈલીનો વિકાસ પામી : (1) મથુરા ક્લાશૈલી, (2) ગાંધાર કલાશેલી અને (3) અમરાવતી કલાશૈલી.
- મથુરા કલાશૈલી : મથુરા કલાશૈલીએ ભારતીય મૂર્તિ કલામાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. ગૌતમ બુદ્ધની સૌપ્રથમ પ્રતિમા મથુરા કલાશૈલીમાં તૈયાર થઈ હતી. મથુરા કલાશેલીના કારીગરો મથુરાની આજુબાજુના લાલ પથ્થરો પર કાળા ટપકા ઉપજાવી મૂર્તિઓ પડતા હતા. પૂજા માટેની વિશેષ મૂર્તિઓ પણ તેઓ ઘડતો હતો. મથુરા લાશૈલીમાં જૈન અને બ્રાહ્મણ મૂર્તિઓ પણ મોટા પ્રમાણમાં તૈયાર થઈ હતી. કુષાણોના સમયમાં બૌદ્ધ મૂર્તિઓ ઉપરાંત વિષ્ણુ, કુબેર અને કાર્તિકેયની મૂર્તિઓનું નિર્માણ થયું હતું.

4. કનિષ્કની સિદ્ધિઓ દશાવો.

- કુષાણ પ્રજા મૂળ ચીનની યુહે ચી જાતિની એક શાખા હતી, વાયવ્ય ચીનમાં આવેલો કાનસુ પ્રાંત યુહેંચી જાતિનું મૂળ વતન હતું. હુણ લોકોના દબાણને કારણે યુહેચી જાતિ ઈરાન, અફઘાનિસ્તાન અને ભારત તરફ આગળ વધી હતી. તેણે શકોને ભારતના પ્રદેશમાં જવાની ફરજ પાડી હતી અને તે ઓક્સસ (આમુંદરિયા) નદીના મશ(બેક્ટ્રિયાબલ્બ)માં સ્થિર થઈ. અહી તેના પાંચ વિભાગો પડ્યા. દરેક વિભાગે પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેમાંની એક શાખા કુષાણ નામે પ્રખ્યાત થઈ. ગોંડોફર્નિશ પછી પહલવ રાજ્યના અનુગામીઓ નિષ્ફળ અને નિર્બળ નીવડવા, આથી ઈ. સ. 70ની આસપાસ પાણ રાજા કેઝૂલા કેફિશે પલવ પ્રદેશો જીતી લઈ ભારતમાં કુષાણ વંશની સ્થાપના કરી.
- કનિષ્ક પહેલોઃ પહેલી પાણ ઈશનો સૌથી મહાન રાજવી હતો. માત્ર કુષાનોમાં જ નહિ, પરંતુ આ યુગ દરમિયાન ભારતમાં જે વિદેશી પ્રજા આવી તેમાં કનિષક પહેલો સૌથી વધુ વિખ્યાત શાશક છે. તેના શાસને ભારતીય સરકૃતિ પર મહત્ત્વની અસરો કરી છે. બોદ્ધ ધર્મના ગ્રંથોમાં તેને 'વિજય અશોક' તરીકે બિરદાવી છે. કનિષ્ક પહેલાની રાજકીય સિદ્ધિો : કનિષ્ઠ પૌતો ઈ. સ. 78માં રાજગાદીએ રાવ્યો હતો અને તેણે છે, 78થી 123 સુધી (46 વર્ષ) શાસન કર્યું હતું. કનિષ્ક પહેલાના અભિહોખો અને સિક્કાઓ પરથી માલુમ પડે છે. કે, તેણે પોતાનું

રાજ્ય અફઘાનિસ્તાન, પંજાબ નષો સિંધ ઉપરાંત કશ્મીર, ઉત્તર ભારત,સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, માળવા અને મધ્ય ભારતના ઘણા ભાગોમાં વિસ્તાર્યું હતું. તેણે તેના શાસન કાળ દરમિયાન 6 યુદ્ધો થયાં હતાં.

- (1) કરમીર પર વિજય, (2) મગધ સાથે યુદ્ધ, (3) સાકેતની જીત, (4) ખુશરોને આપેલી હોર, (5) શકે માત્રપો સાથે યુદ્ધ અને (6) ચીન સાથેનાં બે યુદ્ધો. આમ, કનિષ્ક મધ્ય એશિયા તથા ભારતમાં આટલું વિશાળ સામ્રાજ્ય સ્થાપનાર પહેલો વિદેશી શાસક હતો. તેણે સમ્રાટપદના સૂચક એવા 'રાજાધિરાજ', 'શાહાનુશાહી' (શહેનશાહ), 'દેવપુત્ર' વગેરે બિરુદ ધારણ ક્યાં હતાં.
- વહીવટકર્તા તરીકે સમ્રાટ કનિષ્ક : કનિષ્ઠ મહાન વિજેતા હોવા ઉપરાંત એક સારો વહીવટકર્તા પણ હતો. તેણે પોતાના વિશાળ સામ્રાજ્યને ક્ષત્રપી(પ્રાંતો)માં વહેંચી નાખ્યું હતું. અને તે દરેક વિભાગ પર વહીવટી ક્ષત્રપો (સૂબાઓ) નીમ્યા હતા. કનિષ્ક પોતાની રાજધાની પુરુષપુર (પેશાવર)માં રાખી હતી અને તેને સુંદર અને ભવ્ય ઈમારતો વડે શણગારી હતી.
- કનિષ્ક પહેલાની સાંસ્કૃતિક સિદ્ધિઓ : 1. કનિષ્કની ધમનીતિ : કનિક સમર્થ વિજેતા અને કુશળ વહીવટકર્તાં હતો, તેણે બોદ્ધ સાધુ એ ઘોષના ઉપદેશથી પ્રેરાઈને બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો, બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યા પછી તેણે તેના પ્રચાર અને પ્રસાર માટે નીચે મુજબનાં કાર્યો કર્યાં હતાં :

  (i) મઠો, વિહારો અને સ્તૂપોનું નિર્માણ તેણે પોતાના સામ્રાજ્યમાં મોટી સંખ્યામાં મઠો અને વિહારો બંધાવ્યા હતા, કનિષ્ઠ પુરુષપુરમાં ભવ્ય બૌદ્ધવિહાર બંધાવ્યો હતો અને 122 મીટર ઊંચો મિનારો બંધાવ્યો હતો. તેની પાસે લાકડાંનો એક કલાત્મક બૌદ્ધ સ્તૂપ બંધાવ્યો હતો.

  (ii) કશ્મીરમાં ચોથી બૌદ્ધ ધર્મપરિષદ : કનિકના સમયમાં બૌદ્ધ ધર્મમાં ઘણા વાદવિવાદ ઊભા થયો હતો. તેનો નિકાલ લાવવો માટે તેણે કેશમીરમાં આવેલા કુંડલવન (શ્રીનગર પાસે આવેલું 'હરવાન' નામનું સ્થળ)માં ચોથી બૌદ્ધ ધર્મપરિષદ બોલાવી હતી. તેના પ્રમુખ સ્થાને વિદ્વાન બોદ્ધ સાધુ વસુમિત્ર તથા ઉપપ્રમુખપદે અપોષ હતા. તેમાં બૌદ્ધ ધર્મ અંગે ચર્ચાવિચારણા કરીને 'ત્રિપિટક' સહિત બૌદ્ધ ધર્મગ્રંથોનો નવેસરથી સંગ્રહ કરવામાં આવ્યો.

  (iii) બૌદ્ધ ધર્મના બે પંથો : એવું અનુમાન કરવામાં આવે છે કે કશ્મીર ની ચોથી બૌદ્ધ ધર્મપરિષદમાં ચર્ચાવિચારણાને અંતે પણ મતભેદ નિવારી શકાયા નહી. પરિણામે બૌદ્ધ ધર્મના હીનયાન અને મહાયાન એવા બે પંથો પડ્યા. કનિષ્કના સિક્કાઓ પરથી તે મહાયાન સંપ્રદાયનાં અનુયાયી બન્યો હોવાનું જણાય છે. આ રીતે મહાયાને રાજ્યાશ્રય મળવાથી તેનો વિશેષ ફેલાવો થયો. કનિષ્ઠ ચીન, તિબેટ, જાપાન, બ્રહ્મદેશ વગેરેમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે પ્રતિનિધિમંડળો મોકલ્યાં હતાં.
- 2. કનિષ્ક 'દ્વિતીય અશોક' તરીકે : કનિષ્ક બૌદ્ધધર્મી હોવા છતાં અશોકની જેમ તે બધા ધર્મોનો આદર કરતો હતો. પુરુષપુરના એક બોદ્ધ સ્તૂપનું ખોદકામ કરતાં તેમાંથી એક કાંસાની પેટી મળી છે. તેના પર બુદ્ધ, બ્રહ્મા, ઈન્દ્ર, સૂર્ય તથા ચંદ્રની આકૃતિઓ કોતરેલી છે. તેના સામ્રાજ્યનાં વિવિધ સ્થળોએથી તેણે પડાવેલા સિક્કાઓ મળી આવ્યા છે.
- એ સિક્કાઓ પર પણ બુદ્ધ ઉપરાંત અગ્નિ, સૂર્ય, વાયુ, મિત્ર વગેરે ભારતીય દેવો તથા ઈરાની અને ગ્રીક દેવોની આ કૃતિઓ જોવા મળે છે. આમ, કનિષ્ક બૌદ્ધધમાં હોવા છતાં ધર્મસહિષ્ણુ રાજવી હતો. તેના સમયનાં મળી આવેલાં બ્રાહ્મણ ધર્મ તથા જૈન ધર્મનાં શિલ્પો પણ આ રાજવીની ધર્મસહિષ્ણુતાનાં સુચક છે. કનિષ્કની ધર્મભાવના અશોકની જેમ જ ઉદાર અને સહિષ્ણુ હોવાથી બોદ્ધ ધર્મગ્રંથો કનિષ્કને દ્વિતીય અશોક' કહીને બિરદાવે છે.

- 3. સાહિત્યના ક્ષેત્રે ફાળો : કનિષ્ક સાહિત્યનો પોષક અને પ્રેરક રાજવી હતો. તે વિદ્વાનો અને કવિઓનું સન્માન કરી તેમને આશ્રય આપતો હતો. 'બુદ્ધચરિત', 'સૌદર નંદન', 'સારિપુત્ર પ્રકરણ', 'સુત્રાલંકાર', 'વજસુચિ' વગેરે પ્રસિદ્ધ ગ્રંથોના રચયિતા બૌદ્ધ વિદ્વાન અશ્વઘોષ, તેની રાજસભામાં હતા. તેણે રચેલું 'બુદ્ધચરિત' તો સંસ્કૃત ભાષાનું મહાકાવ્ય છે. તેણે 'મહાવિભાષા' ગ્રંથના કત વસુમિત્ર તથા રસાયણશાસ્ત્રી નાગાર્જુન જેવા મહાન બૌદ્ધ પંડિતોને આશ્રય આપ્યો હતો.
- નાગાર્જન મહાયાન સંપ્રદાયનો પ્રણેતા અને ઉચ્ચ કોટિનો તત્ત્વજ્ઞાની હતો. તેણે ફક્ત ત્રણ જ મહિનામાં 'ત્રિપિટક' ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આયુર્વેદના પ્રખર પંડિત અને 'ચરકસંહિતા'ના કતાં ચરક તેમજ વાઢકાપશાસ્ત્ર(સર્જરી)ને લગતા વિખ્યાત ગ્રંથ 'સશ્રતસંહિતા'ના લેખક સુશ્રત પણ કનિષ્કની રાજસભાના રત્ન હતા.
- 4. કલાના ક્ષેત્રે ફાળો : કનિષ્ઠ સાહિત્યની જેમ કલા અને સ્થાપત્યનો પણ પ્રશંસક હતો. તેણે રાજધાની પપપુરમાં અનેક બૌદ્ધ વિહારો, તપો તથા મિનારા બંધાવ્યા હતા. અર્શીનો એક મિનારો 124 મીટર જેટલો ઊંચો હતો. તેણે 'કશમીરમાં કનિષ્કપુર' અને પંજાબમાં તક્ષશિલા પાસે 'સિરમુખ' એમ બે નવાં નગરો બંધાવ્યાં હતાં. આ નગરોને અનેક સુંદર અને કલાત્મક ઈમારતોથી તેમજ વિહારોથી સુશોભિત કર્યા હતાં.
- તેનાં સમયમાં મથુરા કલાનું મકાન કેન્દ્ર બન્યું હતું. મથુરા માથી કનિષ્કના સમયની બોદ્ધ અને જૈન મૂર્તિઓ મળી આવી છે. સમ્રાટ કનીશકે બુદ્ધની મૂર્તિઓ ઘડવા માટે અનેક ગ્રીક શીલપીઓ ને ગાંધાર પ્રદેશમાં વસાવ્યા હતા. ગ્રીક અને ભારતીય કલાના મિશ્રણ થી જે નવી મુર્તિવિધાન કલાનો ઉદભવ થયો, તે 'ગાંધાર કલા' તરીકે ઓળખાઈ. ગાંધાર શૈલીની કક્ષામાં મુનિઓનાં અંગો અને ઉપડ઼ ાેને આ એક રીતે ઉપસાવવામાં આવતાં હતાં અને મુર્તિઓની મુખમુદા ગંભીર અને સીમ્ય બનાવવામાં આવતી હતી. સમ્રાટ કનિષ્ઠ પોતાના રાજ્યારોહણની શદમાં ઈ. સ.1978થી 'શક સંવત'નો પ્રારંભ ક્યોં હોવાનું માનવામાં આવે છે. આમ, સમ્રાટ કનિષ્ઠ મહાન વિજેતા, વીર યોધ્ધા, સારો વહીવટ કરતાં, સફળ શાસક, ધર્મસહિષ્ણુ, બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાય નો સ્થાપક અને સંરક્ષક તેમજ સાહિત્ય અને કલાનો પોષક હતો.

### 5. મૌર્ય સામ્રાજ્ય પછી ભારતીય સમાજની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

- મૌર્ય સામ્રાજયના પતન પછી તથા ગુપ્ત સામ્રાજય ના ઉદય સુધીના લગભગ પાંચસો વર્ષ દરમિયાન ઉતરપશ્ચિમે ભારત નો ઘણો ભાગ ગ્રીક, શકપલવે, કુષાણ, શક ક્ષત્રપી વગેરે વિદેશીઓના શાસન હેઠળ રહ્યો. આ સમય દરમિયાન ભારતીય સંસ્કૃતિ ના બધા ક્ષેત્રોમાં ઓછાવત્તા અંશે વિદેશી સંસ્કૃતિનાં તત્વો ઉમેરાયા. આ સંસ્કૃતિઓનો સમન્વય થયો.
- ભારતીય સમાજની લાક્ષણિકતાઓ : વિદેશીઓના સતત સંપર્ક ના કારણે ભારતના સમાજજીવનમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યા. વિદેશી શાસનને કારણે ભારતીય, ઈરાની, રોમન અને ચીન એમ ચાર સંસ્કૃતિઓનો સમન્વય થયો. ગ્રીક, શક, કુષાણ વગેરે જાતિઓએ ભારતીય નામો, ભાષા , રીતરિવાજ, ધર્મ વગેરે અપનાવ્યાં હતા. આંતર જાતીય લગ્નો શરૂ થયા હતા.
- આંતર જાતિય લગ્ન સબંધો ના કારણે વિદેશીઓ ભારતીય સમાજનાં એકરૂપ બની ગયા. મનું, યાજ્ઞવલ્કય વગેરે સ્મૃતિકરો એ સમાજમાં બ્રાહ્મણો ને ઉચ્ચ સ્થાન અપાવી વર્ણ વયવસ્થા અને વર્ણ ભેદ મજબૂત બનાવ્યા હતા. વિદેશી ના દીર્ઘકાલીન સંપર્કની અસર પણ કરીને ખોરાક, પોશાક અને રહેણીકરણી પર વિશેષ જોવા મળે છે.

ભારતીયો તેમનાં ખોરાકમાં ફળો અને તેના રસનો તથા આસવનો ઉપયોગ કરતા થયા. પહેરવેશમાં નવું પરિવર્તન આવ્યું. સીવેલાં કપડાં પહેરવાની શરૂઆત થઈ. પુરુષો લેંઘા પહેરતા થયા અને મહિલા ઓ માં બ્લાઉઝ નો વપરાશ થવા લાગ્યો. ઊંચી એડીના બૂટ પહેરવાની ફેશન શરૂ થઈ. મહિલાઓ સેંથામાં સિંદૂર અને શરીરે સુગંધી દ્રવ્યોનો છંટકાવ કરવા લાગી.

- રાચરચીલામાં અને ફર્નિચરમાં વિવિધતા આવી, મછરદાની, ખુરશી, સૌફા, કબાટ, કુલદાની વગેરેનો ઉપયોગ પ્રચલિત થયો. ઉત્સવ, વાદન, નર્તન, રમતગમત વગેરેનું પ્રમાણ વધ્યું. માનવીનું જીવન મોજશોખ અને વૈભવવિલાસવાળું બન્યું. સમાજમાં મહિલાઓનું સ્થાન : મોર્યો પછીના આ યુગના સમાજમાં મહિલાઓનું સ્થાને વિશેષ નીચે ઊતરેલું જણાય છે.
- આ સમયમાં શરૂ થયેલાં આંતરજાતીય લગ્નો તથા વર્ણાશ્રમ ધર્મને રક્ષણ આપવા કન્યાનાં નાની વયે લગ્ન કરવાની પ્રથા પ્રચલિત થઈ. જેના પરિણામે ભારતીય સમાજમાં બાળલગ્નોનું દૂષણ વ્યાપક બન્યું. તે સમાજમાં મહિલાઓના ઘડતર અને સંસ્કારની પ્રક્રિયા અટકી ગઈ અને તેમનો બૌદ્ધિક તથા સામાજિક વિકાસ રૂંધાઈ ગયો. વિધવાવિવાહની છૂટ ન હતી.

## 6. મિનેન્ડરની સિદ્ધિઓ વર્ણવો.

- ભારતની વાયવ્ય સરહદે ડિમેટ્રિયસ પછી તેના 30 જેટલા વંશજોનું આધિપત્ય રહ્યું. એ બધો 'ભારતીય ગ્રીકો' તરીકે ઓળખાયા. યુથિડેમસ વંશના ભારતીય ગ્રીક શાસકોમાં મિનેન્ડર (મિલિન્દ) સૌથી મહાન શાસક હતો. તેણે ઈ. સ. પૂર્વે 115 થી ઈ. સ. પૂર્વે 90 દરમિયાન શાસન ક્યું હતું.
- મિનેન્ડરનો જન્મ કાબુલ પાસેના એક ગામ 'કાલસી'માં થયો હતો. તેની રાજધાની સાકલ (સિયાલકોટ) હતી. તેનું રાજ્ય મધ્ય અફઘાનિસ્તાન, વાયવ્ય સરહદનો પ્રાંત, પંજાબ, સિધ, રાજપૂતાના, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશો આવરી લેતું હતું.તે સારો વહીવટકર્તા અને ન્યાયપ્રિય રાજવી હતો. કાબુલ, પંજાબ, સિંધ, રાજપૂતાના તથા સૌરાષ્ટ્રમાંથી મા રાજાના પુષ્કળ સિક્કાઓ મળ્યા છે.
- તે પરથી આ પ્રદેશોમાં મિનેન્ડરનું શાસન હશે એમ માનવામાં આવે છે. બોદ્ધ સાધુ નાગસેનના પ્રભાવથી તેણે બોદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. તેણે નાગસેનને બોદ્ધ ધર્મ અંગે અનેક પ્રશ્નો પૂછ્યા હતા. એ પ્રશ્નો અને નાગસેને આપેલા ઉત્તરો વાતલિાપરૂપે મિલિન્દપાળ્યો નામના પાલિ ભાષાના ગ્રંથમાં સંગૃહીત થયા છે.
- મિનેન્ડરે વાયવ્ય ભારતના પ્રદેશો ઉપરાંત પશ્ચિમ એશિયાના પ્રદેશોમાં પણ બોદ્ધ ધર્મનો પ્રચાર કર્યો હતો. કાબુલ તથા સ્વાત ખીણમાંથી પ્રાપ્ત થયેલ બૌદ્ધ ધર્મના અવશેષોના કુંભો પર મિનેન્ડરનું નામ કોતરાયેલું છે. આ અવશેષો પરથી મિનેન્ડર તેના ઉત્તર જીવનમાં બૌદ્ધ સાધુ બની ગયો હોવાની વાતને સમર્થન મળે છે. આમ છતાં તેણે ભારતીય ધર્મની ધર્મસહિષ્ણુતાની નીતિ જાળવી રાખી હતી. મિનેન્ડરે તેની પ્રજામાં લોકપ્રિય હતો. પ્રજા તેને ઈશ્વરની જેમ પૂજતી હતી. તે ચુસ્ત બોદ્ધધર્મ, તત્ત્વજ્ઞાની, ન્યાયપ્રિય, દયાળુ અને ધસણિ પશુ રાજવી હતો.

## 7. ટૂંક નોંધ લખો : શકપહલવો

- બેક્ટ્રિયાના ગ્રીકો પછી ભારતના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવનારા શક (સ્કાઇપિયન) અને પલવો (પાર્થિયનો) મૂળ મધ્ય એશિયામાં સિરદરિયા નદીના પ્રદેશમાં ગોપજીવન ગાળતા હતા. ઈ. સ. પૂર્વે બીજી સદીમાં ચીનના સમ્રાટોએ ભટકતી હૂણ પ્રજાને પશ્ચિમ તરફ, લોકોએ યુહે ચી જાતિને અને યુચી જાતિએ

શકપદ્વવોને તેમના પ્રદેશમાંથી સ્થળાંતર કરાવ્યું. શકપહલવો પ્રથમ ઈરાનમાં સ્થિર થયા. પાછળથી યુહે ચી , શક અને પહલવ જાતિઓનું મિશ્રણ થતાં તેઓ અફઘાનિસ્તાનમાંથી ભારતમાં આવ્યા અને સ્થિર થયા. આમ, શક અને પહલવોનાં સ્વતંત્ર રાજ્યો ભારતમાં સ્થપાયા અને તેઓ ભારતીય સંસ્કૃતિમાં ભળી ગયા.

- રાજા મોંઝ શકપલવોનો પહેલો રાજા વોનોનિસ હતો. જ્યારે બીજો શક્તિશાળી શાસક મૉઝ (મોગ) હતો. તેના સિક્કાઓ પરથી જાણવા મળે છે કે તેણે ગાંધાર, તક્ષશિલા, પશ્ચિમ પંજાબ અને મથુરા સુધી પોતાની સત્તા વિસ્તારી હતી. તક્ષશિલાના તેના લેખ મુજબ તેણે ઈ. સ. 20 થી 72 (52 વર્ષ) સુધી રાજ્ય કર્યું હતું.
- ગોન્ડોનિસ : ઈ. સ. 20ની આસપાસ અફઘાનિસ્તાનમાં ગોન્ડોનિસ નામે એક પલવ સરદારે શકપલવ સત્તાને ઉથલાવીને સ્વતંત્ર પલ્લવ રાજ્યની સ્થાપના કરી હતી. અફઘાનિસ્તાન, ગાંધાર, પંજાબ તથા સિંધ પ્રદેશમાંથી મળી આવેલા તેના સિક્કાઓ પરથી જણાય છે કે આ બધા પ્રદેશો પર તેનું આધિપત્ય હતું.
- એક નિર્દેશ મુજબ ગોન્ડોનિસની સભામાં વિખ્યાત સંત થોમસ આવ્યા હતા. તેમના ઉપદેશ અને પ્રભાવ હેઠળ ગોન્ડોનિસે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો તથા એ ધર્મનો પ્રચાર પણ કર્યો હતો. શકપલ્લવોએ ભારતીય પ્રદેશો પર લાંબા સમય સુધી શાસન કર્યું. સૌપ્રથમ ગ્રીકો (યવનો)એ ભારતીય સરહદ પર પોતાની સત્તા સ્થાપી ત્યારે શકોએ તેમને નાબૂદ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

8. અમરાવતી કલાશેલીની સમજૂતી આપો.

- કનિષ્કના સમપુમાં બૌદ્ધ ધર્મનો ખૂબ મોટા પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર થયો. ઈ. સ. ની પહેલી સદીમાં બૌદ્ધ ધર્મના હીનયાન' અને 'મહાયાન' એમ બે ભાગ પડ્યા. મહાયાન સંપ્રદાયે બુદ્ધને ઈશ્વરનું સ્વરૂપ આપી તેમની મૂર્તિપૂજા, અને અર્ચના શરૂ કરી. આથી બુદ્ધની મૂર્તિનું મોટા પ્રમાણમાં સર્જન થવા લાગ્યું . બુદ્ધની મૂર્તિઓના સર્જનમાંથી મુર્તિ કલાની વિવિધ શૈલીઓનો જન્મ થયો.
- ભારતીય મૂર્તિકલાની ત્રણ મુખ્ય રૌલી વિકાસ પામી : (1) મથુરા કલાશેલી, (2) ગાંધાર કલાશૈલી અને (3) અમરાવતી કલાશૈલી.
- અમરાવતી કલારેલી : અમરાવતી કલાશૈલીનો વિકાસ કૃષ્ણા અને ગોદાવરી નદીના ખીણપ્રદેશમાં થયો હતો. શરૂઆતમાં સાતવાહન રાજાઓએ અને ત્યારબાદ ઈવાકુ વંશના રાજાઓએ અમરાવતી લાલીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અમરાવતી કલાલીમાં વિષયવસ્તુ તરીકે ગૌતમ બુદ્ધના જીવન સાથે સંકળાયેલી બાબતો જોવા મળે છે. આ કલાશેલીમાં થાંભલાઓ અને વરંડાઓ વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવ્યા છે.
- આ કલારૌલીમાં આભૂષણોની સુંદર કોતરણી કરવામાં આવી છે. 'બુદ્ધ' અને 'હાથીની મૂર્તિ' એ આ કલાશેલીની ઉત્કૃષ્ઠ રચના છે. સફેદ આરસપહાણ અને મણકાઓનો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કલાશેલીમાં પ્રકૃતિ કરતાં વધુ માનવઆકૃતિઓને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

9. સંગમયુગ દરમિયાનના વેપાર અને વાણિજ્યની સમજૂતી આપો.

- સંગમયુગ દરમિયાન કૃધિનું ઉત્પાદન મુખ્ય બાબત હતી. વેપાર અને વાણિજ્યમાં સાટા પદ્ધતિ હતી. રાજાઓ તળાવો ખોદાવતા હતા અને બંધો બંધાવતાં હતાં. પ્રજાની મુખ્ય પ્રવૃત્તિ સુતરાઉ અને રેશમી કાપડનું વણાટકામ તથા મીઠાનું ઉત્પાદન હતું. સંગમયુગ દરમિયાન દક્ષિણ ભારત અને રોમન સામ્રાજ્ય વચ્ચે વેપાર થતો હતો. સંગમયુગ દરમિયાનના અનેક શિલ્પીઓ અને સાહિત્યકારોની માહિતી સંગમ સાહિત્યમાંથી મળે છે.

- વેપારવાણિજ્યના વેંગી, મુઝીરીસ, અરીકામેડુ, ઉરેયુર, કાવેરીપટ્ટનમ (પુહાર), તિરુચેરાપલ્લી જેવાં મહત્ત્વપૂર્ણ કેન્દ્રો હતાં. રોમન સામ્રાજ્યમાંથી સોનાચાંદીની આયાત થતી અને મોટી માત્રામાં મરીમસાલાની નિકાસ થતી હતી. દક્ષિણ ભારત હાથીદાંતના વેપારનું ઉત્તમ કેન્દ્ર હતું. સંગમયુગ દરમિયાન આર્ય અને દક્ષિણ ભારતીય પરંપરાનો શાંતિપૂર્ણ રીતે એકબીજાના સંપર્કમાં આવ્યા. દક્ષિણ ભારતમાં ઇન્દ્ર અને વિષ્ણુ પછી જૈન અને બુદ્ધની પુજાઓ થવા લાગી. શિવ અને કાર્તિકેય તેમના અગત્યના દેવતાઓ હતા.

### 10. કનિષક પહેલાનું બૌદ્ધ ધર્મમાં પ્રદાન જણાવો.

- કનિષ્ક મકાને વિજેતા, ઉત્તમ વહીવટકર્તા અને ધર્મ પ્રેમી સમ્રાટ તરીકે ઉલ્લેખનીય છે. તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો અને તેનો પ્રચાર પણ ઉત્સાહભેર કર્યો હતો.. અશોકના હૃદયપરિવર્તનની જેમ કનિષ્કના હૃદયપરીવર્તન પણ બૌદ્ધ ધર્મગ્રંથોમાં આલેખાયેલી છે.
- તેના સમયમાં બૌદ્ધ ધર્મમાં અનેક પ્રકારના વાદવિવાદ ઊભા થયા હતા. એનું નિવારણ કરવા કનિષ્ક કશ્મીરમાં બૌદ્ધ ધર્મની 'ધર્મપરિષદ' બોલાવી હતી. આ પરિષદના અધ્યક્ષ પ્રખર વિદ્વાન વસુમિત્ર અને ઉપાધ્યક્ષ પ્રસિધ્ધ કવિ અશ્વઘોષ હતા.પરિષદમાં 500 જેટલા બૌદ્ધ પંડિતોએ ભાગ લીધો હતો.
- આ પરિષદના અંતે બૌદ્ધ ધર્મગ્રંથોનું નવસંસ્કરણ થયું, પરંતુ મતભેદ નિવારી શકાયા નહિ. પરિણામે બૌદ્ધ ધર્મ હીનયાન અને મહાયાને એવા બે સંપ્રદાયોમાં વિભાજિત થઈ ગયો. કનિષ્કના સિક્કાઓ પરથી જણાય છે કે તે મહાયાન સંપ્રદાયનો અનુયાયી હતો. સમ્રાટ કનિષ્ઠ પોતાના સામ્રાજ્યમાં મોટી સંખ્યામાં બૌદ્ધ સાધુઓ માટે મઠો અને વિહારો બંધાવ્યા હતા. તેણે તેની રાજધાની પુરુષપુરમાં લાકડાંનો એક કલાત્મક બોદ્ધ સ્તુપ બંધાવ્યો હતો. કનિષ્ઠ ચીન, તિબેટ, જાપાન, બ્રહ્મદેશ વગેરેમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે પ્રતિનિધિમંડળો મોકલ્યા હતાં.